# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited

**Grade A** by NAAC

**(CGPA 3.05)**

## સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

## તા.૨૪/૦૮/૨૦૧૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫

**SAURASHTRA UNIVERSITY**
University Campus, University Road,
Rajkot – 360 005
PHONE : (0281) 2578501 / FAX : (0281) 2586983

**Re-Accredited Grade "A" by NAAC**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની ઓગસ્ટ માસની સામાન્ય સભા તા.૨૪/૦૮/૨૦૧૭ ને ગુરૂવારના રોજ સવારના ૧૧:૦૦ કલાકે, સિન્ડિકેટ મીટીંગરૂમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલઇ, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ-કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉપકુલપતિશ્રી | ---- ખાલી ---- |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડૉ. વિજયભાઈ કે. પટેલ | હાજર |
| ૭. | પ્રિ. ડૉ. ધરમભાઇ ડી. કાંબલીયા | હાજર |
| ૮. | ડૉ. મેહુલભાઈ પી. રૂપાણી | ગેરહાજર |
| ૯. | ડૉ. રમેશભાઈ ડી. વાઘાણી | હાજર |
| ૧૦. | ડૉ. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૧. | શ્રી પ્રશાંતભાઈ બી. વ્હાવાલા | હાજર |
| ૧૨. | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૩. | ડૉ. ગીરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૪. | શ્રી નેહલભાઈ સી. શુકલ | હાજર |
| ૧૫. | શ્રી પ્રવિણસિંહ આર. ચૌહાણ | હાજર |
| ૧૬. | ડૉ. વર્ષાબેન પી. છીછીયા | હાજર |
| ૧૭. | શ્રી અનિરૂદ્ધસિંહ પઢીયાર | હાજર |
| ૧૮. | ડૉ. મનીષ મહેતા | હાજર |
| ૧૯. | શ્રી જે. પી. જેસ્વાની | ગેરહાજર |
| ૨૦. | ડૉ. અમિતભાઈ આર. હપાણી | હાજર |

સભાની શરૂઆતમાં જે.એચ.ભાલોડીયા કોલેજના પ્રિન્સીપાલ અને આ યુનિવર્સિટીના કોમર્સ વિદ્યાશાખાના પૂર્વ ડીનશ્રી સ્વ.ડો. આર.એમ. કુલેત્રાનું દુઃખદ અવસાન થતાં સભ્યશ્રીઓએ ૨ મિનિટનું મૌન રાખી સદ્દગતને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

૧ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૨૮/૦૨/૨૦૧૭ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૮/૦૨/૨૦૧૭ની મીનીટ્સ મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

૨ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૨૮/૦૨/૨૦૧૭ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૮/૦૨/૨૦૧૭ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવી.**

**(નોંધ : કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૧" તરીકે આ સાથે સામેલ છે.)**

3 ગ્રંથાલય — તા.૧૮/૦૧/૨૦૧૭ નાં રોજ ગ્રંથાલય સમિતિની સભાની કાર્યવાહી નોંધ આગામી ફેબ્રુઆરી માસમાં મળનાર સિન્ડિકેટની સભામાં કામકાજની યાદી માં સામેલ કરવા મંજુરી આપશોજી.

**આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલય સમિતિની તા.૧૮/૦૧/૨૦૧૭ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : આ બાબત અંગેનાં જરૂરી કાગળો તથા આઇટમ અંગે નાં પરિશિષ્ટ “૦૨” તરીકે આ સાથે સામેલ છે.)**

૪ ગ્રંથાલય — તા.૦૮/03/૨૦૧૭ નાં રોજ ગ્રંથપાલ સમિતિની સભાની કાર્યવાહી નોંધ આગામી માસમાં મળનાર સિન્ડિકેટની સભામાં કામકાજની યાદીમાં સામેલ કરવા મંજુરી આપશોજી.

**આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલય સમિતિની તા.૦૮/03/૨૦૧૭ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : આ બાબત અંગેનાં જરૂરી કાગળો તથા આઇટમ અંગે નાં પરિશિષ્ટ “03” તરીકે આ સાથે સામેલ છે.)**

૫ હિસાબ — અંગ્રેજી ભવન તરફથી એલ્યુમની એસોસિએશન માટે આવેલ દાન તા.03/03/૨૦૧૭ની નોંધમાં મળેલ આદેશ અનુસારના દાન સ્વીકારવામાં આવેલ અને યુનિવર્સિટીનાં સખાવાતનીધીમાં ચેક જમા કરાવેલ છે. આવેલ દાન સ્વીકારવા માટે માન. કુલપતિશ્રીનાં કાર્યની બહાલી આપવા વિનંતી.

| | | | |
|---|---|---|---|
| (૧) | કેનેરા બેંક-રાજકોટ | રૂ|.૨૫૦૦૦/- | ચેક નં.૭૧૫૧૨૨ તા.૦૩/૦૨/૨૦૧૭ |
| | | | |
| (૨) | રાજકોટ નાગરિક સહ. બેંક લી. | રૂ|.૧૦,૦૦૦/- | ચેક નં.૦૬૨૧૧૯ તા.૧૩/૦૨/૨૦૧૭ |
| | | | |
| (૩) | શાંતામુર્ત ફાઉન્ડેશન રાજકોટ | રૂ|.૪૦,૦૦૦/- | ચેક નં.૦૦૦૧૪૬ તા.૧૭/૦૨/૨૦૧૭ |

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત દાનનો આભારસહ સ્વીકાર કરી માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૪" તરીકે આ સાથે સામેલ છે)**

૬ હિસાબ — અંગ્રેજી ભવન તરફથી એલ્યુમની એસોસિએશન માટે આવેલ દાન તા.૨૨/૦૩/૨૦૧૭ની નોંધમાં મળેલ આદેશ અનુસારના દાન સ્વીકારવામાં આવેલ અને યુનિવર્સિટીનાં સખાવાતનીધીમાં ચેક જમા કરાવેલ છે. આવેલ દાન સ્વીકારવા માટે માન. કુલપતિશ્રીનાં કાર્યની બહાલી આપવા વિનંતી.

| ક્રમ | દાતાઓનું નામ | રૂ|. | ચેક નં. | બેંકનું નામ |
|---|---|---|---|---|
| ૧ | પરમાર કિશોર મંડપ સર્વિસ. | ૩૦,૦૦૦/- | ૦૦૧૨૪૫, ૨૧/૦૩/૨૦૧૭ | કોટક મહિન્દ્રા બેંક, રાજકોટ |
| | | | | |
| ૨ | પટેલ બ્રાસ વર્કસ ચેરીટેબલ ટ્રસ્ટ. | ૩૦,૦૦૦/- | ૩૭૨૪૯૪, ૧૧/૦૩/૨૦૧૭ | કોર્પોરેશન બેંક, રાજકોટ |

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત દાનનો આભારસહ સ્વીકાર કરી માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૫" તરીકે આ સાથે સામેલ છે)**

૭ હિસાબ — તા.૦૬/૦૩/૨૦૧૭ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૦૬/03/૨૦૧૭ની સભાની ભલામણો મંજૂર કરવી**

**(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા.૦૬/03/૨૦૧૭નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૬" તરીકે આ સાથે સામેલ છે.)**

૮ બાંધકામ — એસ્ટેટ કમિટિની તા.૨૨/૦૩/૨૦૧૭નાં રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૨૨/03/૨૦૧૭ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : એસ્ટેટ કમિટિની તા.૨૨/03/૨૦૧૭નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૭" તરીકે આ સાથે સામેલ છે.)**

૯ મહેકમ-અ — યુનિવર્સિટીનાં જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારીત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં અધ્યાપકોની મુદ્દત બ્રેક આપી ફરીથી ૧૧ માસ માટે લંબાવી આપ્યાની માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

| ક્રમ | અધ્યાપકશ્રીનું નામ | ભવનનું નામ | મુદ્દત પૂર્ણ થયા તારીખ | મુદ્દત લંબાવી આપ્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી અન્નાસાહેબ મારુતી સૂર્યવંશી | આંકડાશાસ્ત્ર | ૧૭/૦૧/૧૭ | તા. ૨૪/૦૧/૧૭ થી તા.૨૩/૧૨/૧૭ |
| | | | | |
| ૨ | ડૉ. શ્વેતા પાઠક | બાયો સાયન્સ | ૨૧/૦૧/૧૭ | તા.૨૮/૦૧/૧૭ થી તા. ૨૭/૧૨/૧૭ |
| | | | | |
| ૩ | ડૉ. તૃપ્તિ.બી.વ્યાસ | જર્નાલિઝમ | ૩૧/૦૧/૧૭ | તા. ૦૮/૦૨/૧૭ થી તા.૦૭/૦૧/૧૮ |
| | | | | |
| ૪ | ડૉ. દિશા.બી.ચાંગેલા | બાયોકેમેસ્ટ્રી | ૨૮/૦૨/૧૭ | તા.૦૮/૦૩/૧૭ થી તા. ૦૭/૦૨/૧૮ |

નોંધ યુનિવર્સિટીનાં ઉપર દર્શાવેલ ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારીત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકશ્રીઓની મુદ્દત બ્રેક આપી ૧૧ માસ માટે લંબાવી આપેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૧૦ મહેકમ-અ **સિન્ડીકેટની તા.૨૭/૦૭/૨૦૧૬ ની સભાના ઠરાવ ક્રમાંક ૦૨ થી નીચે મુજબની વિગત યુનિવર્સિટીનાં જુદા જુદા અનુસ્નાતક ભવનમાં નિમણુંક પામેલા શૈક્ષણિક કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી પીરીયડ પૂર્ણ થતો હોય તેમના નામ સામે દર્શાવેલ તારીખથી કાયમી કરવા બાબત.**

| ક્રમ | નામ | હોદ્દો | ભવનનું નામ | જોડાયા તારીખ | કાયમી કરવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ડો.ડી.ડી.પંડ્યા | એસોસિયેટ પ્રોફેસર / ડેપ્યુટીડાયરેક્ટર | UGC-HRDC | ૨૮/૦૭/૨૦૧૬ | ૨૮/૦૭/૨૦૧૭ |
| ૨ | ડો.કે.એ.આર્ય | પ્રોફેસર/ ડાયરેક્ટર | UGC-HRDC | ૨૮/૦૭/૨૦૧૬ | ૨૮/૦૭/૨૦૧૭ |
| ૩ | ડો.એ.એચ.ચૌહાણ | આસીસ્ટન્ટ પ્રોફેસર | કાયદા ભવન | ૨૮/૦૭/૨૦૧૬ | ૨૮/૦૭/૨૦૧૭ |
| ૪ | ડો.એ.એચ.સોલંકી | એસોસિયેટ પ્રોફેસર | કોમર્સ ભવન | ૨૮/૦૭/૨૦૧૬ | ૨૮/૦૭/૨૦૧૭ |
| ૫ | ડો.કે.ઓ.ચૌહાણ | આસીસ્ટન્ટ પ્રોફેસર | એમ.બી.એ. | ૦૫/૦૮/૨૦૧૬ | ૦૫/૦૮/૨૦૧૭ |
| ૬ | ડો.ડી.જી.કુબેરકર | પ્રોફેસર | નેનો સાયન્સ | ૦૪/૦૮/૨૦૧૬ | ૦૪/૦૨/૨૦૧૭ |
| ૭ | ડો.બી.આર. કટારીયા | એસોસિયેટ પ્રોફેસર | નેનો સાયન્સ | ૧૯/૦૮/૨૦૧૬ | ૧૯/૦૮/૨૦૧૭ |
| ૮ | સુશ્રી.એ.ડી.જોશી | આસીસ્ટન્ટ પ્રોફેસર | નેનો સાયન્સ | ૩૦/૦૮/૨૦૧૬ | ૩૦/૦૮/૨૦૧૭ |
| ૯ | ડો. એ.બી. રાવલીયા | આસીસ્ટન્ટ પ્રોફેસર | નેનો સાયન્સ | ૩૦/૦૮/૨૦૧૬ | ૩૦/૦૮/૨૦૧૭ |
| ૧૦ | ડો.કે.એચ. આટકોટીયા | પ્રોફેસર | આંકડાશાસ્ત્ર | ૦૨/૦૮/૨૦૧૬ | ૦૨/૦૮/૨૦૧૭ |
| ૧૧ | ડો.જે.કે.ડોડીયા | પ્રોફેસર | અંગ્રેજી | ૨૮/૦૭/૨૦૧૬ | ૨૮/૦૭/૨૦૧૭ |
| ૧૨ | ડો.આર.ડી.ભેડી | આસીસ્ટન્ટ પ્રોફેસર | સમાજશાસ્ત્ર | ૦૨/૦૮/૨૦૧૬ | ૦૨/૦૮/૨૦૧૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩ | ડો.બી.એન. માંજરીયા | આસીસ્ટન્ટ પ્રોફેસર | હ્યુમનરાઈટ્સ | ૨૮/૦૭/૨૦૧૬ | ૨૮/૦૭/૨૦૧૭ |
| ૧૪ | ડો.આર.એમ.દવે | આસીસ્ટન્ટ પ્રોફેસર | હ્યુમનરાઈટ્સ | ૩૦/૦૭/૨૦૧૬ | ૩૦/૦૭/૨૦૧૭ |
| ૧૫ | ડો.વાય.ટી. નાલીયાપરા | પ્રોફેસર | કેમેસ્ટ્રી | ૨૮/૦૭/૨૦૧૬ | ૨૮/૦૭/૨૦૧૭ |
| ૧૬ | ડો.એસ.જી. પરડવા | આસીસ્ટન્ટ પ્રોફેસર | અર્થશાસ્ત્ર | ૦૮/૧૦/૨૦૧૬ | ૦૮/૧૦/૨૦૧૭ |
| ૧૭ | ડો.એ.બી.પટેલ | આસીસ્ટન્ટ પ્રોફેસર | અર્થશાસ્ત્ર | ૦૪/૦૮/૨૦૧૬ | ૦૪/૦૮/૨૦૧૭ |
| ૧૮ | ડો.એસ.એ.પંડયા | આસીસ્ટન્ટ પ્રોફેસર | અર્થશાસ્ત્ર | ૧૯/૦૮/૨૦૧૬ | ૧૯/૦૮/૨૦૧૭ |
| ૧૯ | ડો.કે.પી.ડામોર | આસીસ્ટન્ટ પ્રોફેસર | શિક્ષણશાસ્ત્ર | ૩૦/૦૯/૨૦૧૬ | ૩૦/૦૯/૨૦૧૭ |
| ૨૦ | ડો.એચ.ઓ.જેઠવા | એસોસિયેટ પ્રોફેસર | ફીઝીક્સ | ૦૯/૦૮/૨૦૧૬ | ૦૯/૦૮/૨૦૧૭ |
| ૨૧ | શ્રીએચ.એન. પરીખ | આસીસ્ટન્ટ પ્રોફેસર | ઈલેક્ટ્રોનિકસ | ૦૪/૦૮/૨૦૧૬ | ૦૪/૦૮/૨૦૧૭ |
| ૨૨ | ડો.પી.આર. ચૌધરી | આસીસ્ટન્ટ પ્રોફેસર | ગુજરાતી | ૦૧/૦૮/૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૭ |
| ૨૩ | ડો.જે.એમ. ચન્દ્રવાડીયા | પ્રોફેસર | ગુજરાતી | ૩૦/૦૭/૨૦૧૬ | ૩૦/૦૭/૨૦૧૭ |

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર મુજબની વિગતે યુનિવર્સિટીનાં જુદા જુદા અનુસ્નાતક ભવનમાં નિમણુંક પામેલા શૈક્ષણિક કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી પીરીયડ પૂર્ણ થતો હોય ખાનગી અહેવાલ ધ્યાને લઈ તેમના નામ સામે દર્શાવેલ તારીખથી કાયમી કરવા.

(નોંધ: ઉપર્યુક્ત અધ્યાપકોના ખાનગી અહેવાલ સભા સમયે રજુ કરવામાં આવેલ.)

૧૧ મહેકમ-અ

યુનિવર્સિટીનાં ફાર્માસ્યુટિકલ સાયન્સ અનુસ્નાતક ભવનમાં 'ફાર્મ-ડી' નો અભ્યાસક્રમ શરુ કરવા માટે ભારત સરકારશ્રીના તા.૧૦/૦૫/૨૦૦૮ નાં જાહેરનામાં અનુસાર શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક જગ્યાઓ ભરવા અંગે સરકારશ્રીને દરખાસ્ત કરવાનાં માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ: રાજ્ય સરકારશ્રીના શિક્ષણવિભાગનાં તા.૧૩/૦૪/૧૭ નાં ઠરાવ ક્રમાંક પરચ-૧૦૨૦૧૬/૧૬૬૮/સ થી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં 'ફાર્મ-ડી' નાં અભ્યાસક્રમ માટે ભારત સરકારશ્રીના જાહેરનામાં અનુસારની જગ્યાઓ સંવર્ગવાર અને તબક્કાવાર

ભરવા માટે યુનિવર્સિટીનાં સક્ષમ સત્તા મંડળની મંજુરી લેવાની રહે છે. બાદમાં સરકારશ્રીની પૂર્વ મંજુરી મેળવી જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરવાની રહે છે. ભારત સરકારશ્રીનું તા.૧૦/૦૫/૨૦૦૮ નું જાહેરનામું શિક્ષણ વિભાગનો તા.૧૩/૦૪/૧૭ નો ઠરાવ તથા કમિશનરશ્રીની કચેરી, ટેકનીકલ શિક્ષણ ગાંધીનગરનો તા.૧૯/૦૪/૧૭ નાં પત્રની નકલ પરિશિષ્ટ તરીકે સામેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૮" તરીકે આ સાથે સામેલ છે)**

૧૨ બાંધકામ — એસ્ટેટ કમિટિની તા.૦૯/૦૫/૨૦૧૭નાં રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૦૯/૦૫/૨૦૧૭ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : એસ્ટેટ કમિટિની તા.૦૯/૦૫/૨૦૧૭નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૯" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૩ પરીક્ષા-૫ — સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ ૧૮ (૧) (VII) ની જોગવાઈના સંદર્ભમાં જે વિદ્યાર્થિઓએ પદવી/ડીપ્લોમાં પ્રદાન માટે આવેદનપત્રો ભરેલ હોય અને પદવી/ડીપ્લોમાં મેળવવાને પાત્ર હોય. તેવા દરેક વિધાર્થીઓને સ્ટેચ્યુટ-૧૫૮માં દર્શાવેલ જે તે પદવી/ડીપ્લોમાં આગામી પદવીદાન સમારંભ/સેનેટ સભામાં હાજર/ગેરહાજરમાં એનાયત કરવા સેનેટને અધિનિયમની કલમ-૧૮ (૧) (VII) અન્વયે ભલામણ કરવા બાબત.

આગામી **<u>પર માં વાર્ષિક પદવીદાન સમારંભ</u>** જો હાજરમાં કરવાનો થતો હોય તો સાથે બિડાણ મુજબની તા.૧૩-૧૦-૨૦૦૮ ની રાજભવનની ગાઇડ લાઇન પ્રમાણે **<u>ત્રણ તારીખો સમય તથા સ્થળ</u>** વિગેરે નક્કી કરવા.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે માન.કુલપતિશ્રીને સત્તા આપવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૦" તરીકે આ સાથે સામેલ છે)**

૧૪ હિસાબ તા.૧૯/૦૬/૨૦૧૭ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૧૯/૦૬/૨૦૧૭ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા.૧૯/૦૬/૨૦૧૭નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૧૧" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૫ જોડાણ દિવ્યજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત –જોયાનંદ કોલેજ ઓફ એજ્યુ. જામનગરનાં સ્થળ ફેરફાર અંગેની અરજી પર માન.કુલપતિશ્રી દ્વારા નીમવામાં આવેલ સ્થાનિક તપાસ સમિતિનાઅહેવાલ પર વિચારણા કરવા બાબત.

| જુનું સરનામું | જે જગ્યાએ ફેરવવા માંગે છે તે સરનામું |
|---|---|
| દિવ્યજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત –જોયાનંદ કોલેજ ઓફ એજ્યુકેશન. ખંભાળીયા હાઇવે,એરપોટ રોંડ, જામનગર | દિવ્યજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત – જોયાનંદ કોલેજ ઓફ એજ્યુકેશન, સરમત પાટીયા, અમી પાટીયા, પેટ્રોલ પંપ પાછળ,ખંભાલીયા રોડ, વસઈ,જામનગર |

નોંધ -:
૧ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યશ્રીનો અહેવાલ તા.૨૦/૦૭/૨૦૧૭ નાં રોજ અત્રે રજૂ થયેલ છે. જે હકારાત્મક છે અને એન.સી.ટી.ઈ.ની મંજુરી મળેલ હોય સંસ્થા/કોલેજને સ્થળ ફેરફાર અંગે ભલામણ કરેલ છે.
૨ સંસ્થાનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ અને ટ્રસ્ટ ડીડ સામેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે દિવ્યજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત –જોયાનંદ કોલેજ ઓફ એજ્યુ. જામનગરનાં સ્થળ ફેરફાર અંગેની અરજી પર સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ અને એન.સી.ટી.ઈ. દ્વારા મંજૂરી આપેલ પત્રની નોંધ લઇ સ્થળ ફેરફાર મંજુર કરવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.**

**(નોંધ:- ઉપરોકત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ “૧૨” તરીકે આ સાથે સામેલ છે.)**

૧૬ પરીક્ષા-૦૩અને૦૫ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના પરીક્ષા વિભાગ-૦૩ (ખાનગી) માં પ્લેસમેન્ટ કર્મચારી તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ (૧) બારડ જસપાલસિંહ ભુપતસિંહ (બી.બી.એ., એમ.કોમ.) (૨) ભટ્ટી જયદીપસિંહ ભુપતસિંહ (બી.કોમ., એમ.કોમ.) જેઓ પરીક્ષા (ખાનગી) વિભાગ માંથી પ્રશ્નપત્રોની ચોરી કરવામાં પોલીસ દ્વારા આરોપી તરીકે ધડપકડ કરવામાં આવેલ હોય તેથી બન્ને પ્લેસમેન્ટ કર્મચારીઓની આ યુનિવર્સિટી માંથી પાસ કરેલ તમામ પરીક્ષાના પરીણામ તથા ડીગ્રી રદ કરવા કાર્યવાહી અર્થે માન.કુલપતિશ્રીના આદેશાનુસાર સમગ્ર પ્રકરણ સિન્ડીકેટ સમક્ષ રજુ કરવામાં આવે છે. (પેજ ૧ થી ૪ આ સાથે સામેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબતે લીગલ અભિપ્રાય મેળવી આગામી સિન્ડીકેટમાં રજુ કરવો.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૩" તરીકે આ સાથે સામેલ છે)**

૧૭ પરીક્ષા (બાહય) બાહય પરીક્ષાના વિધાર્થીઓને ડીગ્રી પરીક્ષા પાસ કરે ત્યારે વિધાર્થીઓની રજૂઆત નાં સંદર્ભે રૂા.૫૦/-ફી લઈને Attempt Certificate આપવામાં આવે છે, આ વિભાગની તા.૦૯/૧૨/૨૦૧૬ની નોંધ ઉપરના માન.કુલપતિશ્રીનાં આદેશ અન્વયે Attempt Certificate આપતા સમયે નીચે જણાવ્યા મુજબની બાબતોને ધ્યાને લઇ આપવામાં આવે છે. માન.કુલપતિશ્રી નાં આદેશના કાર્યને બહાલી આપવા Attempt Certificate આપવા અંગેનાં નિયમોને માન્ય રાખવા અંગે વિચારણા કરવા બાબત...

૧ ડીગ્રી કક્ષાએ પાસ થયેલ વિધાર્થી તેમના આ અભ્યાસના સમયગાળા દરમ્યાન ફેઈલ થયા વગર પરીક્ષા પાસ કરે તેવા સમયે first Attempt Certificate આપવામાં આવે છે.

૨ જે વિધાર્થી ડીગ્રી કક્ષાએ તેમના અભ્યાસના સમયગાળા દરમ્યાન કોઈ પણ વખતે સેમેસ્ટર/વર્ષમાં એક વખત ફેઈલ થાય ઓ બીજો પ્રયત્ન તેમજ જેટલી વખત ફેઈલ થાય તેટલા પ્રયત્નોનું Attempt Certificate આપવામાં આવે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૪" તરીકે આ સાથે સામેલ છે)**

૧૮ યુનિવર્સિટીનાં જુદા જુદા અનુસ્નાતક ભવનમાં "વોક ઇન ઇન્ટરવ્યુ" દ્વારા કરાર આધારિત
મહેકમ-અ આસીસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક) ૧૧ માસ માટે રૂ|.૨૫,૦૦૦/- ફિક્સ વેતનથી નિમણુંક કરવા માટે મળેલી જુદી જુદી વરણી સમિતિની બેઠકમાં પસંદ થયેલા ઉમેદવારોને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ નિમણુંક આદેશ આપ્યા અંગેના માન.કુલપતિશ્રી નાં કાર્યને બાહાલી આપવા બાબત.

| ક્રમ | ભવનનું નામ | જાહેરાત આપ્યા તારીખ | વરણી સમિતિની તારીખ | પસંદ થયેલ ઉમેદવારનું નામ | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧ | ફાર્માસ્યુટીકલ સાયન્સ અનુસ્નાતક ભવન | તા. ૧૮/૦૯/૧૬ | તા. ૨૫/૦૧/૧૭ | (૧)શ્રી મેઘનાબેન પી. પટેલ<br>(૨)શ્રી મોસમીબેન સી. વાઘેલા | રૂ|. ૨૫,૦૦૦/- ફિક્સ |
| ૨ | આંકડાશાસ્ત્ર અનુસ્નાતક ભવન | તા. ૧૫/૦૧/૧૭ | તા. ૧૭/૦૧/૧૭ | કું જીનલ એન. શાહ | રૂ|. ૨૫,૦૦૦/- ફિક્સ |

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

(નોંધ : જુદા જુદા અનુસ્નાતક ભવનમાં કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક)ની જગ્યા ભરવામાટે ઉપર્યુક્ત વિગતે "વોક ઇન ઇન્ટરવ્યુ" ગોઠવવામાં આવેલ. વરની સમિતિની ભલામણ મુજબ રૂ|.૨૫,૦૦૦ નાં ફિક્સ વેતનથી આ જગ્યાઓ ભરવા માટે ઉમેદવારની પસંદગી કરવામાં આવેલ હતી, જેને સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ માન.કુલપતિશ્રીના આદેશ મુજબ નિમણુંક પત્રો રવાના કરેલ છે. જેને બહાલી આપવાની રહે છે.)

૧૯ યુનિવર્સિટીના જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારિત આસીસ્ટન્ટ
મહેકમ-અ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકોની મુદત બ્રેક આપી ૧૧ માસ માટે લંબાવી આપ્યાની માનનીય કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ:

| ક્રમ | અધ્યાપકશ્રીનું નામ | ભવનનું નામ | મુદત પૂર્ણ થયા તારીખ | મુદત લંબાવી આપ્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | યોગેશ બરવાળીયા | બાયોકેમેસ્ટ્રી | તા.૨૨/૦૪/૨૦૧૭ | તા.૨૬/૦૪/૨૦૧૭ થી તા.૨૫/03/૨૦૧૮ |
| ૨ | હેતલ પટોળીયા | મનોવિજ્ઞાન | તા.૧૫/૦૫/૨૦૧૭ | તા.૧૫/૦૬/૨૦૧૭ થી તા.૧૪/૦૫/૨૦૧૮ |
| ૩ | યશવંત હીરાણી | પત્રકારીત્વ | તા.૧૫/૦૫/૨૦૧૭ | તા.૧૫/૦૬/૨૦૧૭ થી તા.૧૪/૦૫/૨૦૧૮ |
| ૪ | હીના બગડા | ફાર્મસી | તા.૧૫/૦૫/૨૦૧૭ | તા.૧૮/૦૫/૨૦૧૭ થી તા.૧૭/૦૪/૨૦૧૮ |
| ૫ | પ્રિયા પટેલ | ફાર્મસી | તા.૧૫/૦૫/૨૦૧૭ | તા.૧૮/૦૫/૨૦૧૭ થી તા.૧૭/૦૪/૨૦૧૮ |
| ૬ | કિરણ ચુડાસમા | બાયોસાયન્સ | તા.03/૦૬/૨૦૧૭ | તા.૧૫/૦૬/૨૦૧૭ થી તા.૧૪/૦૫/૨૦૧૮ |
| ૭ | મિતલભાઈ કનેરીયા | બાયોસાયન્સ | તા.૧૦/૦૬/૨૦૧૭ | તા.૧૫/૦૬/૨૦૧૭ થી તા.૧૪/૦૫/૨૦૧૮ |

યુનિવર્સિટીના ઉપર દર્શાવેલ ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકશ્રીઓની મુદત બ્રેક આપી ૧૧ માસ માટે લંબાવી આપેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૨૦ યુનિવર્સિટીનાં જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ફરજ બજાવતા અધ્યાપકોની રજાઓ જેવી કે,
મહેકમ-અ સી.એલ, હક્ક રજા,માંદગી રજા, ડયુટીલીવ, ઓનડયુટી વગેરે મંજૂર કરવા બાબતે ઓર્ડીનન્સ ૨૦૫ ની જોગવાઈમાં સુધારો કરવા બાબત.

(નોંધ: ઓર્ડીનન્સ ૨૦૫માં હાલમાં રજા મંજુર કરવા અંગે નીચે મુજબ જોગવાઈ છે .

**D)** The Head Of The University Post-Graduate Department In Case Of His Subordinates And The Vice-Chancellor In Case Of The Head Of The University Post-Graduate Department Shall Be Competent To Sanction The Leave.

In case of duty leave for research work or other academic pursuit , the sanctioning authority will be Vice-Chancellor if it is for more than thirty days in an academic year his/ her case shall be placed for consideration of the syndicate.

ઉપર્યુક્ત જોગવાઈ અનુસાર હાલમાં ભવનના અધ્યકશ્રી દ્વારા તેમના તાબા હેઠળના શૈક્ષણિક કર્મચારીઓની ડયુટીલીવ સિવાયની રજાઓ મંજુર કરવામાં આવે છે. જ્યારે ડયુટી લીવ માટે જે તે ભાવનાના વડા ભલામણ કરી અરજી ફોરવર્ડ કરે છે જેને મંજૂરી માટે માન.કુલપતિશ્રી સમક્ષ મુકવાનો નિયમ છે.ભવનના અધ્યક્ષશ્રીઓની બધાજ પ્રકારની રજાઓ માન.કુલપતિશ્રી મંજૂર કરે છે.

હાલનીપ્રથામાં ફેરફાર કરી ભવન અધ્યક્ષશ્રીની હેઠળ ફરજ બજાવતા અધ્યાપક્શ્રીઓની તમામ પ્રકારની રજાઓ ભવનના અધ્યક્ષશ્રી દ્વારા મંજૂર કરવામાં આવે તથા તેની જાણ મહેકમ વિભાગને કરવામાં આવે જ્યારે ભવનના અધ્યક્ષશ્રીની તમામ પ્રકારની રાજાઓના રીપોર્ટ માન.કુલપતિશ્રી સમક્ષ મહેકમ વિભાગ દ્વારા મુકવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવા ઓર્ડીનન્સમાં સુધારો કરવાનો રહે.

**આથી ઠરાવવામાં આવે છે કે ભવન અધ્યક્ષશ્રીની હેઠળ ફરજ બજાવતા અધ્યાપકશ્રીઓની તમામ પ્રકારની રજાઓ ભવનના અધ્યક્ષશ્રી દ્વારા મંજૂર કરવામાં આવે તથા તેની જાણ મહેકમ વિભાગને કરવામાં આવે જ્યારે ભવનના અધ્યક્ષશ્રીની તમામ પ્રકારની રાજાઓના રીપોર્ટ માન.કુલપતિશ્રી સમક્ષ મહેકમ વિભાગ દ્વારા મુકવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવા ઓર્ડીનન્સ ૨૦૫માં સુધારો કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે અધ્યાપકશ્રીઓની તમામ પ્રકારની રજાઓનું રજીસ્ટર ભવન દ્વારા નિભાવવાનું રહેશે.**

૨૧ મહેકમ-બ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના જુદાજુદા ભવનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટ વર્ક માટે માસિક રૂ.૨૫૦૦૦/- ના ફિકસ પગારથી ફૂલટાઈમ પ્લેસમેન્ટ ઓફિસરની ૧૧ માસ માટે કરાર આધારિત જગ્યા ભરવા માટે તા.૩૦/૦૩/૨૦૧૭ ને ગુરુવારના રોજ બપોરના ૦૧:૦૦ કલાકે એમ.બી.એ. અનુસ્નાતક ભવન ખાતે મળેલ વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે પ્લેસમેન્ટ વર્ક માટે માસિક રૂ.૨૫૦૦૦/- ના ફિકસ પગારથી ફૂલટાઈમ પ્લેસમેન્ટ ઓફિસર તરીકે શ્રી જય ચાવડાની ૧૧ માસ માટે કરાર આધારિત જગ્યા પર નિમણૂક કરવા વરણી સમિતિની ભલામણ મંજૂર કરવી.**

(નોંધ:- વરણી સમિતિની ભલામણ સભા સમયે રજુ કરવામાં આવેલ.)

૨૨ એસ્ટેટ કમિટિની તા.૧૧/૦૭/૨૦૧૭નાં રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.
બાંધકામ

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૧૧/૦૭/૨૦૧૭ની સભાની ભલામણો મંજૂર કરવી.**

(નોંધ: **એસ્ટેટ કમિટિની તા.૧૧/૦૭/૨૦૧૭નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૧૫" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૩ ડો.રૂદ્રસિંહ જે. ઝાલા તરફથી તેમના પિતાશ્રી સ્વ.જનકસિંહજી કે. ઝાલા પૂર્વ મંત્રીશ્રી પંચાયત
હિસાબ ગુજરાત રાજ્યના નામનો સુવર્ણચંદ્રક આપવા નીચેની શરતોએ દાન આપેલ છે.

(નોંધ: (૧) તબીબી વિદ્યાશાખામાં એમ.ડી.બ્રાંચ-૧૦ રેડિયો ડાયગ્નોસિસની પરીક્ષા માર્ચ-એપ્રિલ-મે-૨૦૧૭ થી પ્રથમ પ્રયત્ને સૌથી વધારે ગુણ મેળવનાર વિધાર્થી/ વિધાર્થીનીને સુવર્ણચંદ્રક આપવા જણાવેલ છે.

(૨) આ સુવર્ણચંદ્રક સ્વ.જનકસિંહજી કે. ઝાલા પૂર્વ મંત્રીશ્રી પંચાયત ગુજરાત રાજ્યના નામનો આપવાનો રહેશે.

(૩) ડો.રૂદ્રસિંહ જે. ઝાલા તરફથી રૂ|.૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ) પુરા દાન આપેલ દાનની રકમ પૂર્ણ ન થાય ત્યાં સુધી આપવા જણાવેલ છે. દાનની અન્ય શરતો યુનિવર્સિટીનાં નિયમ મુજબ રાખવી.

ઉપરોકત શરતોએ ડો.રૂદ્રસિંહ જે. ઝાલા તરફથી રૂ|.૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ) પુરા દાન આપેલ તે માન.કુલપતિશ્રીએ માન્ય આખેલ હોય, કુલપતિશ્રીના ઉક્ત કાર્યને બહાલી આપવા વિનંતી

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત દાનનો આભારસહ સ્વીકાર કરી માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૨૪ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી બોર્ડ ઓફ સ્પોર્ટસ ની એક સભા તા.૬/૦૭/૨૦૧૭ ને ગુરુવાર બપોરે
શા.શિ. ૩-૦૦ કલાકે મળેલ હતી. તેની કાર્યવાહી નોંધ ને મંજુર થયા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે** બોર્ડ ઓફ સ્પોર્ટસ**ની તા.૦૬/૦૭/૨૦૧૭ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ: ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૬" તરીકે આ સાથે સામેલ છે)**

૨૫ પરીક્ષા-૧ રાઇટર રાખવા માટે હાલ યુનિવર્સિટી, નિયમોનુસાર યુ.જી. કક્ષાએ અને પી.જી. કક્ષાએ academic qualification not above the passing of higher secondary examination અમલમાં છે (માર્ચ-૧૯૮૫ નાં સિન્ડીકેટનાં ઠરાવ મુજબ) તેમાં સુધારો કરવા માટે રજૂઆત આવેલ છે. રાઈટર અંગેના ઠરાવમાં યુ.જી. માટે એક ધોરણ નીચુ અને પી.જી. કક્ષાએ ગ્રેજ્યુએટ રાઈટર રાખવા દેવા સુધારાની ચર્ચા વિચારણા કરવા બાબત.

(નોંધ: (૧) માન.કુલપતિશ્રીએ નોંધ પર આપેલ રીમાકર્સની નકલ
(૨) ગુજરાત જાહેર સેવા આયોગમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી વ્યકિત લહીયા તરીકે રાખી શકે છે તે અંગેનો પત્રની નકલ
(૩) રજુઆત આવેલ પત્રની નકલ

**આથી ઠરાવવામાં આવે છે કે યુ.જી.કક્ષાએ અને પી.જી.કક્ષાએ જે વર્ષમાં વિધાર્થી અભ્યાસ કરતા હોય તેના કરતા એક વર્ષ ઓછો અભ્યાસ ધરાવતા વિધાર્થીને લહિયા (રાઈટર) તરીકે રાખવા માટે મંજુરી આપવી.**

**(નોંધ: ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૭" તરીકે આ સાથે સામેલ છે)**

૨૬ સામાન્ય તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૩૧/૦૩/૨૦૧૭નાં સમયનો વર્ષ ૨૦૧૬-૧૭ નો ૫૦ મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે માન.કુલપતિશ્રી દ્વારા નીચે મુજબના પાંચ સભ્યોની નિમણુંક કરવામાં આવેલ છે, માન.કુલપતિશ્રી નાં કાર્યને બહાલી આપવા બાબત.

૧ ડો.વિજયભાઈ પટેલ

૨ ડો.ધરમભાઈ કાંબલીયા

૩ ડો.નીતિનભાઈ વડગામા

૪ ડો.રાજેશભાઈ ચોટલીયા

૫ ડો.સંજયભાઈ મુખર્જી

૬ ડો.રંજનબેન ખુંટ

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૨૭ જોડાણ ઓસવાલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત-ઇન્સ્ટીટયુટ ઓફ લેન્ગ્વેજ ટીચિંગ (બી.એડ ઈંગ્લીશ કોલેજ) જામનગરની ટ્રસ્ટ ટુ ટ્રસ્ટ ફેરફાર અને સ્થળ ફેરફાર અંગેની અરજી પર માન.કુલપતિશ્રી દ્વારા એસી/સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ રાજ્ય સરકારશ્રીને કરેલ ટ્રસ્ટ ફેરફાર અંગેની દરખાસ્તના કાર્યની નોંધ લેવા તેમજ ગ્રાન્ટ ઇન એઇડ કોલેજની સ્થળ ફેરફાર અને ટ્રસ્ટ ફેરફાર અંગેની ઓ.૧૪૪ મુજબ નિયત થયેલ ફી અન્વયે વિચારણા કરવા બાબત.

| ટ્રસ્ટનું જુનું નામ | ટ્રસ્ટનું નવું નામ |
|---|---|
| ઓસવાલ એજ્યુકેશન ટ્રસ્ટ જામનગર<br>ઠે. એ.હરિયા સ્કુલ કમ્પાઉન્ડ બિલ્ડીંગ,<br>ઉદ્યોગનગર રોડ, રણજીતનગર પાસે,<br>ઇન્દિરા ગાંધી માર્ગ, જામનગર | સૌરાષ્ટ્ર હાઈસ્કુલ ટ્રસ્ટ,<br>કાલાવડ રોડ,<br>રાજકોટ |
| **કોલેજનું જુનું સરનામું** | **કોલેજનું નવું સરનામું** |
| ઓસવાલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત-<br>ઇન્સ્ટીટયુટ ઓફ લેન્ગ્વેજ ટીચિંગ<br>(બી.એડ ઈંગ્લીશ કોલેજ)<br><br>ઓસવાલ એજ્યુકેશન ટ્રસ્ટ જામનગર<br>ઠે. એ.હરિયા સ્કુલ કમ્પાઉન્ડ બિલ્ડીંગ,<br>ઉદ્યોગનગર રોડ, રણજીતનગર પાસે,<br>ઇન્દિરા ગાંધી માર્ગ, જામનગર | સૌરાષ્ટ્ર હાઈસ્કુલ ટ્રસ્ટ સંચાલિત-<br>ઇન્સ્ટીટયુટ ઓફ લેન્ગ્વેજ ટીચિંગ<br>(બી.એડ ઈંગ્લીશ કોલેજ)<br>કાલાવડ રોડ,<br>રાજકોટ |

૧ રાજ્ય સરકારશ્રી દ્વારા ટ્રસ્ટ ટુ ટ્રસ્ટ ફેરફાર અને સ્થળ ફેરફાર ની સૈદ્ધાંતિક પૂર્વ મંજુરી આપેલ છે તેની નકલ સામેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઓસવાલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત-ઇન્સ્ટીટયુટ ઓફ લેન્ગ્વેજ ટીચિંગ (બી.એડ ઈંગ્લીશ કોલેજ) જામનગર ટ્રસ્ટ ટુ ટ્રસ્ટ ફેરફાર અને સ્થળ ફેરફાર અંગેની અરજી પર સ્થાનિક તપાસ સમિતિ નાં અહેવાલ પર માન.કુલપતિશ્રી દ્વારા સિન્ડીકેટની બહાલી ની અપેક્ષાએ ટ્રસ્ટ ટુ ટ્રસ્ટ અને સ્થળ ફેરફાર મંજુર કર્યા અને રાજ્ય સરકારશ્રીની ભલામણ કર્યાના કાર્યની બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજ ગ્રાન્ટ-ઇન-એઇડ ધોરણે ચાલતી અને માન. રાજ્યસરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવતી જી.આઈ.એ.નાં ધોરણો અનુસારની ફી લેવાતી હોય સ્થળ ફેરફાર/ ટ્રસ્ટ ટુ ટ્રસ્ટ ફેરફાર માટે રૂ.૨૫૦૦૦/- ફી લેવી અને તે અનુસાર ઓર્ડીનન્સ ૧૪૪માં જરૂરી સુધારો કરવો**

**નોંધ કોલેજનું સ્થળ ફેરફાર અંગેનો અહેવાલ પરિશિષ્ટ "૧૮"તરીકે આ સાથે સામેલ છે.**

૨૮ જોડાણ સરકારી વિનિયન કોલેજ, કોટડાસાંગાણી જી.રાજકોટનું રાજ્ય સરકારશ્રી દ્વારા નોટીફીકેશન નંબર-જી.સી.ઓ-૧૫૧૬-એચ.આર.-૮૮/ખ, તા.૦૪/૦૧/૧૧ થી નવું નામાભીધાન નીચે મુજબ બહાર પાડવામાં આવેલ છે, જેની નોંધ લેવા બાબત.

"ઠાકોરશ્રી મૂળવાજી વિનિયન કોલેજ, કોટડાસાંગાણી"

**આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી વિનિયન કોલેજ, કોટડાસાંગાણી જી.રાજકોટનાં નવા નામાભીધાન અંગે નોંધ લેવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૯" તરીકે આ સાથે સામેલ છે)**

૨૯ પી.જી.ટી.આર ૧. બી.યુ.ટી. ની તા.૧૦/૦૩/૨૦૧૬ થી નવી સંસ્થાને મંજુરી આપવા નો ઠરાવ "અનુસ્નાતક અભ્યાસક્રમો ની નવી સંસ્થાઓની માન્યતા આપવા સંદર્ભે નવી અસ્તિત્વ માં આવેલી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી નાં કાર્યક્ષેત્ર હેઠળ આવતી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નાં કાર્યક્ષેત્ર હેઠળ આવતી તમામ અરજી ઓની એક સાથે વિચારણા કરવામાં આવી તથા પુખ્ત વિચારણા નાં અંતે ઠરાવવામાં આવે છે કે, નવી સંસ્થાની માન્યતા આપવા સંદર્ભે માન.કુલપતિશ્રી દ્વારા સંબધિત વિદ્યાશાખાનાં અધ્યક્ષ, જે તે વિષયના નિષ્ણાંત તેમજ શૈક્ષણિક અને વહીવટી બાબતોના નિષ્ણાંત એમ ત્રણ સભ્યોનો સમિતિ ની રચના કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, નવા શૈક્ષણિક સત્ર પહેલા પ્રક્રિયા થઇ શકે તે અનુસાર સમિતિ દ્વારા ત્વરીત અહેવાલ સીધો જ સિન્ડીકેટ ની સભા સમક્ષ વિચારણા અર્થે રજૂ કરવો.

૨. કમિટી નો અહેવાલ પી.જી.ટી.આર. વિભાગમાં તા.૨૧/૦૪/૨૦૧૭ના રોજ પ્રાપ્ત થયેલ છે.

૩. કમિટીના સભ્યો તરીકે (૧) ડો.જી.સી.ભીમાણી (૨) ડો.આર.આર.કાલરીયા (૩) ડો.એચ.એચ.જોષી ની નિમણુંક કરવામાં આવેલ હતી.

કમિટીના સભ્યોએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માં વધારાની માન્ય સંસ્થાઓને વિવિધ વિષયો અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા અંગે નીમાયેલ સમિતિના સદસ્યશ્રીઓ દ્વારા વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવેલ જેના તારણો થઇ આવેલ છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માં જેમણે એમ.એસસી.(આઈ.ટી.&સી.એ.)નાં અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા અરજી કરેલ તેઓને તે અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી શરૂ કરવા સદરહુ વિષયોના અનુસ્નાતક અભ્યાસક્રમ માટે નવી માન્ય સંસ્થા તરીકે મંજૂરી આપવા ભલામણ છે.

૪. કમીટીએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માં નવા અભ્યાસક્રમ શરુ કરવા અરજી કરેલ હોય તેને શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં એમ.એસસી.(આઈ.ટી.&સી.એ.)નો નવો અભ્યાસક્રમ શરૂ કરવા ભલામણ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે હાલ ઉપર્યુક્ત બાબત પેન્ડીંગ રાખવી તેમજ નવા કોર્ષ માટે માન્ય સંસ્થાની મંજુરી આપવા માટેનો વિસ્તૃત અહેવાલ આગામી જાન્યુવારી માસ માં મળનાર સિન્ડીકેટમાં રજૂ કરવો.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૨૦" તરીકે આ સાથે સામેલ છે)**

૩૦ મહેકમ-અ યુનિવર્સિટીનાં આંકડાશાસ્ત્ર અનુસ્નાતક ભવનમાં "વોક ઇન ઇન્ટરવ્યું" દ્વારા કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક) ૧૧ માસ માટે ₹૨૫,૦૦૦/- ફિકસ વેતનથી નિમણુંક કરવા માટે મળેલી વરણી સમિતિની બેઠકમાં પસંદ થયેલા ઉમેદવારોને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ નિમણુંક આદેશ આપ્યા અંગેના માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

| ક્રમ | ભવનનું નામ | જાહેરાત આપ્યા તારીખ | વરણી સમિતિની તારીખ | પસંદ થયેલ ઉમેદવારનું નામ | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧ | આંકડાશાસ્ત્ર અનુસ્નાતક ભવન | તા. ૨૪/૦૬/૨૦૧૭ | તા. ૨૯/૦૬/૨૦૧૭ | (૧)ફેનલ આર. કચ્છી | ₹ ૨૫,૦૦૦ /- ફિકસ |

(નોંધ આંકડાશાસ્ત્ર અનુસ્નાતક ભવનમાં કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક) ની જગ્યા ભરવા માટે ઉપર્યુક્ત વિગતે "વોક ઇન ઇન્ટરવ્યું"ગોઠવવામાં આવેલ. વરણી સમિતિની ભલામણ મુજબ ₹૨૫,૦૦૦/- નાં ફિકસ વેતનથી આ જગ્યાઓ ભરવા માટે ઉમેદવારની પસંદગી કરવામાં આવેલ હતી, જેને સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ માન.કુલપતિશ્રીનાં આદેશ મુજબ નિમણુંક પત્રો રવાના કરેલ છે. જેને બહાલી આપવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૩૧ ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનના બાંધકામ માટે વધારાની જમીન ફાળવવા અંગે.

બાંધકામ

નોંધ યુનિવર્સિટી કેમ્પસમાં ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશન માટે સિન્ડીકેટની તા.૨૪/૦૭/૧૪ ની સભાના ઠરાવ નં.૪૪ અન્વયે ૨૦૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે. આ જમીન ઉપર પોલીસ સ્ટેશનના બિલ્ડીંગનું બાંધકામ ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. મારફતે માન્ય એજન્સી દ્વારા હાલ ચાલી રહયું છે.

આ કામનાં અનુસંધાને માન.પોલીસ કમિશનરશ્રી દ્વારા પત્ર: સીબી-૨/લાગુ/જમીન/ફાળવણી/૧૨૦૭/૨૦૧૭ તા.૨૪/૦૭/૧૭ થી જણાવવામાં આવે છે કે પોલીસ સ્ટેશનને ફાળવવામાં આવેલી જમીન રાજકોટ શહેરના વસ્તી વિસ્તારને લક્ષમાં લેતા અને પોલીસ સ્ટેશનના મહેકમ અન્વયે પોલીસ સ્ટેશન સંકુલ માટે પર્યાપ્ત થઇ શકે તેમ ન હોવાથી ફાળવાયેલ લાગુ ૨૦૦૦ ચો.મી. જમીન સાથે વધારાની ૧૪૪૭.૫૮ ચો.મી.જમીન ફાળવવા વિનંતી કરવામાં આવેલ છે. જે અંગે ચર્ચા વિચારણા કરી નિર્ણય લેતા અંગે.

**આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (ગાંધીગ્રામ-૨) પોલીસ સ્ટેશનના બાંધકામ માટે માન.પોલીસ કમિશનરશ્રીનાં પત્ર : સીબી-૨ / લાગુ / જમીન / ફાળવણી / ૧૨૦૭ / ૨૦૧૭ તા.૨૪/૦૭/૧૭ અન્વયે વધારાની ૧૪૪૭.૫૮ ચો.મી.જમીન ફાળવવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વ્યવસ્થાના ભાગરૂપે પોલીસ બંદોબસ્ત માટે સહકાર આપવા તેમજ વિનામૂલ્યે બંદોબસ્ત પુરો પાડવા માટે દરખાસ્ત કરવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૨૧" તરીકે આ સાથે સામેલ છે)**

૩૨ તા.૨૨/૦૮/૨૦૧૭ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો અને કાર્યવાહી નોંધ

હિસાબ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૨૨/૦૮/૨૦૧૭ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા.૨૨/૦૮/૨૦૧૭નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૨૨" તરીકે આ સાથે સામેલ છે.)**

૩૩ જોડાણ કામદાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કામદાર સાયન્સ કોલેજ, રાજકોટ એ માગેલ બી.એસસી. ની નવી કોલેજ નાં જોડાણ અરજી અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં આદેશ અન્વયે ઓર્ડીનન્સ ૧૮૪ મુજબ માન.કુલપતિશ્રી એ સિન્ડીકેટની બહાલી ની અપેક્ષાએ સ્થાનિક તપાસ સમિતિ ની નિયુક્તિ કર્યાના કાર્યની બહાલી આપવા બાબત.

(નોંધ (૧)એલ.પી.એ. નં.૮૮૬/૨૦૧૭ ઇન સ્પે.સી.એ. નં.૨૨૬૬/૨૦૧૭ અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટ એ તા.૨૦/૦૬/૨૦૧૭નાં ઓરલ ઓર્ડર થી આદેશ આપેલ છે કે સિન્ડીકેટને જે સ્ટેચ્યુટરી સતાઓ છે તે સતાઓ માન.કુલપતિશ્રી ને આપી ન શકે પરંતુ માન.કુલપતિશ્રી જયારે સિન્ડીકેટ બેઠક મળવાની સ્થિતિ ના હોય તે સ્થતિમાં ઓર્ડીનન્સ ૧૮૪ અથવા ૧૮૪-એ અન્વયે માન.કુલપતિશ્રી ને મળેલ સત્તા નો ઉપયોગ કરી શકે છે તેમજ તે બાબત આગામી સિન્ડીકેટમાં બહાલી સ્વરૂપે મુકવાની રહે છે.

(૨) સિન્ડીકેટ તા.૦૫/૧૨/૨૦૦૫ નાં ઠરાવ નં.૨૭ થી સંલગ્ન કોલેજોની જોડાણ અરજી પર વખતો વખત એલ.આઈ.સી. નીમવાની સતા માન.કુલપતિશ્રી ને આપવામાં આવેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૩૪ જોડાણ આચાર્યશ્રી, શ્રી સવજીભાઈ કોરાટ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત- જે.એસ.કે.કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સ-ઈશ્વરીયા, રાજકોટ તરફથી જુન ૨૦૧૮થી નીચેની વિગતે નવી કોલેજના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરત્વેનાં સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર એકેડમિક કાઉન્સિલ ની બહાલીની અપેક્ષા એ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત:
તબીબી વિદ્યાશાખા-(નવા જોડાણ)
પ્રથમ વર્ષ ડેન્ટલ સર્જરીના અભ્યાસક્રમ

નોંધ:- ૧ સ્થાનિક તપાસ સમિતિનાં ૩ સભ્યશ્રીઓનો તા.૨૨/૦૮/૨૦૧૭નો અહેવાલ તા.૨૪/૦૮/૨૦૧૭ના રોજ અત્રે મળેલ છે. જેમાં સભ્યોશ્રી દ્વારા નીચે મુજબની શરતોએ ભલામણ કરેલ છે.

આ સામેલ બાંહેધારીઓની પૂર્તતા કરવાની શરતે.

(૧)૧૦૦ બેડ ની હોસ્પીટલ એટેચમેન્ટ લેવું.

(૨)શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવી.

(૩)છાત્રાલય બનાવવું.

(૪)લાયબ્રેરી બનાવવી.

(૫)ડેન્ટલ કલીનીક તથા છ અન્ય ડેન્ટલ ચેર વસાવવી.

(૬)ડી.સી.આઈ.ની મંજુરીની શરતોની પૂર્તતા કરવાની શરતે ભલામણ કરેલ છે. ઉક્ત દર્શાવેલ શરતોએ નવું જોડાણ વર્ષ: ૨૦૧૮-૧૯માટે આપવા ભલામણ કરેલ છે.

૨.નવી કોલેજ હોય આચાર્યની નિમણુંક થયેલ નથી.

૩.સંસ્થા પાસે જમીન ટ્રસ્ટના નામ પર છે.

**આથી ઠરાવવામાં આવે છે** આચાર્યશ્રી, શ્રી સવજીભાઈ કોરાટ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત-જે.એસ.કે.કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સ-ઈશ્વરીયા, રાજકોટ **તરફથી જુન-૨૦૧૮ થી નવા જોડાણ માટેની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ ધ્યાને લઈ એકેડમીક કાઉન્સીલની બહાલી ની અપેક્ષાએ યુનિવર્સિટી એ નિયત કરેલ જોડાણ ની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતો નું પરિપાલન સિન્ડીકેટ ને સંતોષ થાય તે રીતે કરે તો કાઉન્સિલમાં અરજી કરવા એન.ઓ.સી. આપવું સંસ્થાને તબીબી વિધાશાખા ના ઉપર્યુકત વિગતે તા.૧૫/૬/૨૦૧૮ થી તા.૧૪/૦૬/૨૦૧૯ સુધી એક વર્ષ માટે ડી.સી.આઈ. ની મંજુરીની શરતે નવું જોડાણ આપવા તેમજ સૈદ્ધાંતિક પૂર્વ મંજુરી આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી**

**(નોંધ:- ઉપરોકત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ “૨૩” તરીકે આ સાથે સામેલ છે.)**

૩૫ પી.જી.ટી.આર. શૈક્ષણીક વર્ષ ૨૦૧૮ ૧૯-માં કામદાર કોલેજ રાજકોટ ખાતે એમ નર્સિંગ નો .એસસી .નવો અભ્યાસક્રમ શરૂ કરવા બાબત.

**નોંધ** **૧.** કામદાર કોલેજ ઓફ નર્સિંગ રાજકોટ ,**તરફથી તા ૨૦૧૭-૦૬-૧૨.ના રોજ શૈક્ષણીક વર્ષ ૨૦૧૮૧૯- થી** એમનર્સિંગ .એસસી . **સેલ્ફ ફાયનાન્સ અનુસ્નાતક સંસ્થા શરૂ કરવા અંગે દરખાસ્ત આવેલ છે .**

**૨.** તા ૧૪.ના રોજ નોંધ ઉપર થયેલ આદેશ અનુસાર એલ ૨૦૧૭.૦૭.આઈના .સી. અને ડો ભાવિન કોઠારીની ,મેહુલ રૂપાણી .ડો ,કમલ ડોડીયા.સભ્યો તરીકે ડો **નિમણુંક કરવામાં આવેલ હતી .**

**૩. તા ના રોજ અત્રે પ્રાપ્ત થયેલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ ૨૦૧૭-૦૮-૨૪. મુજબ નિયુક્ત સભ્યો** ડો ભાવિન કોઠારીની .ડો ,મેહુલ રૂપાણી .**એ શૈક્ષણીક વર્ષ ૨૦૧૮૧૯- ના વર્ષ માટે નવી માન્યતા આપવા ભલામણ કરેલ છે .**

૪. પી ૨૦૧૭-૦૮-૨૪.વિભાગ ની તા .આર.ટી.જી.નોંધ ઉપર પ્રાપ્ત આદેશ અનુસાર આ બાબત બીની બહાલી ની અપેક્ષા એ સિન્ડીકેટ ની સભા મૂકવાના આદેશ .ટી.યુ. .થયેલ છે

૫. કામદાર કોલેજ ઓફ નર્સિંગ રાજકોટ ,માં શૈક્ષણીક વર્ષ ૨૦૧૮૧૯- થી એમ . નર્સિંગ .એસસીસેલ્ફ ફાયનાન્સ અનુસ્નાતક સંસ્થા શરૂ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કામદાર કોલેજ ઓફ નર્સિંગરાજકોટ , તરફથી શૈક્ષણીક વર્ષ ૨૦૧૮ થી ૧૯-એમ નર્સિંગ .એસસી .સેલ્ફ ફાયનાન્સ અનુસ્નાતક સંસ્થા શરૂ કરવા દરખાસ્ત કરવામાં આવેલ તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલને ધ્યાને લઈ બી.યુ.ટી.ની બહાલીની અપેક્ષાએ યુનિવર્સિટી એ નિયત કરેલ શરતો તથા સ્થાનિક તપાસ સમિતિએ મુકેલી શરતોનું પરિપાલન સિન્ડીકેટને સંતોષ થાય તે રીતે કરે તો ઉપર્યુકત વિગતે શૈક્ષણીક વર્ષ ૨૦૧૮ થી ૧૯-એમ નર્સિંગ .એસસી .સેલ્ફ ફાયનાન્સ અનુસ્નાતક સંસ્થા નર્સિંગ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની મંજુરી મળે તે શરતે શરૂ કરવા મંજૂરી આપવી.

(નોંધ:- ઉપરોકત સંસ્થાનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ “૨૪” તરીકે આ સાથે સામેલ છે.)

## મુક્ત ચર્ચા વિચારણા

૩૬ પરીક્ષા — આથી ઠરાવવામાં આવે છે કે આગામી પરીક્ષાઓથી પરીક્ષાને લગતી કોઈપણ કામગીરી જેવી કે પરીક્ષકો/ પ્રાશ્નીકોને તેમની કામગીરીની જાણ સબંધિત કર્મચારી ને ઈ-મેઈલ તેમજ શક્ય હોય તો વોટ્સએપ દ્વારા એક અઠવાડિયા પહેલા કરવી.

૩૭ પરીક્ષા — આથી ઠરાવવામાં આવે છે કે જે કોઈ પરીક્ષકને પરીક્ષા ગેરવર્તણૂક સંદર્ભે પરીક્ષાની બાહ્ય કામગીરીથી દૂર કરેલ હોય તેવા પરીક્ષકે કોલેજની ઈંટરનલ પરીક્ષાની કામગીરી કરવાની રહેશે તેની જાણ કોલેજને અને સબંધિત કર્મચારીને કરવી.

૩૮ પરીક્ષા — આથી ઠરાવવામાં આવે છે કે આગામી વર્ષની પરીક્ષાથી પરીક્ષા/એનરોલમેન્ટની લેઈટ ફી/દંડ ફી વધુમાં વધુ રૂ.૫૦૦૦/- કરવી.

૩૯ પરીક્ષા — આથી ઠરાવવામાં આવે છે કે સુરેન્દ્રનગર જિલ્લામાં વરસાદ અને ઈન્ટરનેટ બંધ હોવાથી પરીક્ષા/એનરોલમેન્ટ ફોર્મની તારીખ પૂર્ણ થયા બાદ મુદત વધારી આપવામાં આવેલ હતી. આ વધારવામાં આવેલ મુદત દરમ્યાન કોઈ વિધાર્થી દ્વારા ભરવામાં આવેલ લેઈટ ફીની રકમ વિદ્યાર્થીને રીફંડ કરવી અને આ બાબતની જાણ પ્રેસનોટ આપી સર્વેને કરવી.

૪૦ લીગલ — આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થી દ્વારા પરીક્ષામાં વિષયને સુસંગત ના હોય તેવું (બીભસ્ત લખાણ ન હોય તેવું) લખાણ હોય તેવા કિસ્સામાં ઈ.ડી.એ.સી. ઓર્ડીનન્સ ૧૬૧ માં ૧+૦ ની જોગવાઈ કરવા કમિટીની રચના કરવી અને કમિટીના અહેવાલ પરત્વે નિર્ણય કરવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૧ બાંધકામ — આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પર બીજી કોઈ રાષ્ટ્રીયકૃત બેંક માટે વાઈબીલીટી ચકાસવી.

૪૨ બાંધકામ — આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પર વધારાના ઘાસના નિંદામણ માટે ડો.વાઘાણી સાહેબના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવી.

અંતમાં અધ્યક્ષશ્રીનો આભારમાની સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.

નં.સિન્ડિકેટ/૧૯/૨૦૧૭
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫
તા.૩૦/૦૮/૨૦૧૭

કુલસચિવશ્રી

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

<u>નકલ રવાના</u>::--

૧. માન.કુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. એકેડેમિક ઓફિસરશ્રી.
૩. પરીક્ષા નિયામકશ્રી.